# ગ્રામીણ વિકાસ નિષ્ણાત / વ્યવસ્થાપક

ગ્રામ વિકાસ અધિકારી એ રાજ્ય સરકારના અધિકારી છે જે ગ્રામીણ વિસ્તારોના વિકાસ સાથે સંબંધિત કામગીરી કરે છે. તેઓ મુખ્યત્વે તેમને સોંપવામાં આવેલ વિસ્તારોમાં વિકાસલક્ષી યોજનાઓ અને તેના અમલીકરણની દેખરેખ માટે જવાબદાર છે. ગ્રામ વિકાસ વ્યાવસાયિકો ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે તથા આર્થિક કલ્યાણ માટેની રીતોનો અભ્યાસ, આયોજન, નિર્દેશન અને નિયંત્રણ કરે છે. તેઓ કૃષિ, આરોગ્યસંભાળ, શિક્ષણ, સામાજિક પરિસ્થિતિઓ, અર્થવ્યવસ્થા, રોજગાર, કુદરતી સંસાધનોનું સંચાલન, બેંકિંગ અને નાણાકિય બાબતો, ટેકનોલોજી અને ઉદ્યોગોમાં મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોને લગતી ખેતી યોજનાઓ, વૃદ્ધાવસ્થા પેન્શન યોજનાઓ, દિવ્યાંગ વ્યક્તિઓ માટેની યોજનાઓ, મનરેગા, આરોગ્ય અને તબીબી સુવિધાઓ, વગેરેનું સંચાલન કરે છે તેમજ જરૂરી ફેરફારો અને સુધાર કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે તમામ લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમને નેતૃત્વ કરવાનું કૌશલ્ય ધરાવો છો
- તમને સુયોજીત રીતે કામ કરવાનું પસંદ છે
- તમને ટીમમાં કામ કરવું ગમે છે



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૫,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ગ્રામીણ અભ્યાસ / ગ્રામીણ વિકાસ / ગ્રામીણ વ્યવસ્થાપનમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, ગ્રામીણ વિકાસ/ગ્રામીણ વ્યવસ્થાપન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

ગ્રામીણ વ્યવસ્થાપન/ગ્રામીણ વિકાસમાં ડિપ્લોમા કરો.

ગ્રામીણ વ્યવસ્થાપનમાં યુ.જી., પી.જી. અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવતી મેનેજમેન્ટ સંસ્થાઓમાં પ્રવેશ માટે, તમારે કેટ / એક્સ.એ.ટી. / આઇ,આર.એમ.એ.એસ.એ.ટી. / મેટ / એસ.એન.એ.પી. / સી.એમ.એ.ટી. જેવી આ પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ગ્રામ વિકાસ વ્યવસ્થાપકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૨૫,૦૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.ambitionbox.com/profile/rural-deVelopment-manager-salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પંચાયતી રાજ સંસ્થાઓ, ગ્રામીણ સહકારી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, કૃષિ વ્યવસાય, જાહેર અથવા ખાનગી ક્ષેત્રની ગ્રામીણ વિકાસ પહેલ અથવા દાતા દ્વારા ભંડોળ પ્રાપ્ત કૃષિ વિકાસ પરિયોજનાઓમાં નેતૃત્વની ભૂમિકા.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારું પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરી શકો છો અથવા એન.જી.ઓ. શરૂ કરી શકો છો. ગ્રામીણ સમુદાયોના કલ્યાણ માટે સેવા આપવા માટે બિન-સરકારી સંસ્થા અથવા સ્વૈચ્છિક એજન્સી શરૂ કરી શકે છે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ કામગીરીમાં વ્યાપક ક્ષેત્રીય કાર્ય અને મુસાફરી કરવાનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે, તમે ઓફિસમાં કામ કરશો પણ તમે જે સંસ્થામાં કામ કરશો તેના આધારે નિયમિતપણે ફિલ્ડમાં પણ કામગીરી કરશો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ મેનેજર → પ્રોજેક્ટ મેનેજર → નિયામક, ગ્રામીણ વિકાસ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ ઓફિસર, ડિસ્ટ્રીક્ટ કોઓર્ડિનેટર, રૂરલ ડેવલપમેન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.કે.બી.યુ., ભાવનગર
૨. મોહનલાલ સુખડિયા યુનિવર્સિટી, ઉદયપુર
૩. મહાત્મા ગાંધી કાશીવિદ્યાપીઠ યુનિવર્સિટી, યુપી
૪. એમ.એસ.યુ., વડોદરા
૫. કૌસાલી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ધારવાડ
૬. ગુજરાત યુનિવર્સિટી, આણંદ
૭. સેન્ટર ફોર સ્ટડીઝ ઈન રૂરલ મેનેજમેન્ટ, ગૂજરાત વિદ્યાપીઠ, ગાંધીનગર
૮. આઇ.આઇ.ટી., મુંબઈ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. કે.એસ.આર.એમ. ભુવનેશ્વર - કે.આઇ.આઇ.ટી. સ્કૂલ ઓફ રૂરલ મેનેજમેન્ટ
૨. ગ્રામીણ વ્યવસ્થાપનના અભ્યાસ માટેની સરકારી કોલેજો
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કલકત્તા
૪. ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ, જયપુર
૫. ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ
૬. ઝેવિયર ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશિયલ સર્વિસ, રાંચી
૭. ઝેવિયર ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ભુવનેશ્વર
૮. આઈ.સી.એફ.એ.આઈ. યુનિવર્સિટી, ત્રિપુરા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**સહના મિશ્રા** જેન્ડર, ટકાઉ કૃષિ અને કુદરતી સંસાધન વ્યવસ્થાપન પર કામ કરવાનો ૨૪ વર્ષનો અનુભવ ધરાવે છે. તેણીએ મહિલાઓના સામાજિક-આર્થિક-રાજકીય સશક્તિકરણ માટે મહિલા સમૂહોના નિર્માણમાં વ્યાપકપણે કામ કર્યું છે. સહનાએ એમ.પી., ઓડિશા અને બિહારમાં સરકારી વિભાગો સાથે મળીને કામ કર્યું છે. તે સરકારી અને બિન-સરકારી એજન્સીઓ સાથે ભાગીદારીમાં પાયાના સ્તરે, વિશાળ સ્તર પર વિકાસ પરિયોજનાઓની ડિઝાઈન અને અમલીકરણમાં કુશળ છે. તેણી અર્થશાસ્ત્રમાં સ્નાતક છે અને ગ્રામીણ વ્યવસ્થાપનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ધરાવે છે. તેઓ યુ.એસ.એ.માં મેકકેઈન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ટરનેશનલ લીડરશીપ ખાતે લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ફેલો હતા. *

સ્રોત:https://www.pradan.net/who-we-are/#ourteam

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.